## ‘વિદ્યાનિકેતન’ની માન્યતા મેળવવાની પ્રક્રિયા

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ‘વિદ્યાનિકેતન’ વિભાગ સાથે ગુજરાત રાજ્યભરની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર જે પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ‘વિદ્યાનિકેતન’ તરીકેની માન્યતા પ્રાપ્ત કરવા ઈચ્છતી હોય તેઓ માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઈટ પર માહિતીઓ પ્રાપ્ત થશે, અને જોડાણ મેળવવા અંગેની માહિતી નીચે આપેલી લિંક પરથી જાણી શકાશે.

https://www.cugujarat.ac.in/darkhastpatra



‘વિદ્યાનિકેતન’નો એક આયામ : શિક્ષકસજ્જતા



‘વિદ્યાનિકેતન’ વિભાગ દ્વારા આયોજિત કલામૃતમ્-૨૦૨૧ને શિક્ષણમંત્રીશ્રી અને કુલપતિશ્રીના હસ્તે ગોલ્ડન બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ સ્વીકારતા વિભાગ અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલ

## વિદ્યાનિકેતનોમાં કરવાના કાર્યક્રમો

(૧) બાળમેળા, ગણિતમેળા, વિજ્ઞાનમેળા
(૨) નૃત્ય, નાટક, સંગીત, ખેલકૂદ સંબંધિત કાર્યક્રમો
(૩) વિવિધ વિષયોના શિક્ષક-પ્રશિક્ષણ વર્ગો
(૪) TLM વર્કશોપ
(૫) તેજસ્વિતા સંવર્ધન શિબિર
(૬) બાળકોના શિક્ષણ-વિકાસલક્ષી કાર્યક્રમો
(૭) વ્યક્તિત્વ વિકાસ શિબિર
(૮) વૈદિક ગણિત, ભારતીય સંસ્કૃતિ, ગુજરાતની અસ્મિતા, સંગીત, ચિત્રકામ વગેરેના ટૂંકા ગાળાના સર્ટિફિકેટ કોર્સ
(૯) કમ્પ્યૂટર - IT ના કૌશલ્ય વર્ગો
(૧૦) સંસ્કૃત સંભાષણ અને Spoken English ના વર્ગો
(૧૧) રાષ્ટ્રીય તહેવારોની વિશિષ્ટ ઉજવણી
(૧૨) વિદ્યાનિકેતનો વચ્ચે વિદ્યાર્થી-શિક્ષક આદાન-પ્રદાન
(૧૩) ભારત જ્ઞાનપરીક્ષા
(૧૪) બાળગીત, અભિનય ગીત, ભાવગીત, હાલરડાં
(૧૫) ભારત-પરિચય, ભારતના ગૌરવવંતા વારસાનો પરિચય
(૧૬) પ્રકૃતિ-પર્યાવરણ શિક્ષણ
(૧૭) દેશભક્તિ ગીત સ્પર્ધા
(૧૮) તારુણ્ય શિક્ષણ
(૧૯) સર્જક સાથે સંવાદ
(૨૦) નભોદર્શન
(૨૧) કારકિર્દી માર્ગદર્શન
(૨૨) કઠપૂતળી કલા-નિદર્શન
(૨૩) વાર્તાકથન-વાર્તાસર્જન
(૨૪) ગુજરાતી ભાષાશિક્ષણ : કહેવતો, રૂઢિપ્રયોગો, કાવ્યાસ્વાદ
(૨૫) વિજ્ઞાનશિક્ષણ - કદમ કદમ પર વિજ્ઞાનની અનુભૂતિ
(૨૬) કલામૃતમ્ (સમરકેમ્પ)



**શિક્ષણ એટલે**
શ્રેષ્ઠ મનુષ્ય-નિર્માણની પ્રક્રિયા
- શ્રી હર્ષદ પ્ર. શાહ
કુલપતિ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર.

પ્રત્યેક બાળક મહત્ત્વનું છે.

# વિદ્યાનિકેતન

સંપૂર્ણ મનુષ્યનિર્માણની પાઠશાળા

જ્યાં શિક્ષણ એક ઉત્સવ છે.



ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરની વિશિષ્ટ શૈક્ષણિક કાર્યયોજના

**અમે શિક્ષણ-પ્રશિક્ષણથી સજ્જ કરીશું**

વિદ્યાર્થીઓને વાલીઓને
શિક્ષકોને સંચાલકોને

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

**વિદ્યાનિકેતન વિભાગ**
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ
છ-૫ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ નજીક,
સેક્ટર-૨૦, ગાંધીનગર. ફોન : ૯૧૦૬૫ ૬૭૬૦૩
ઈ-મેઈલ : hod.vnk@cugujarat.ac.in
વેબસાઈટ : www.cugujarat.ac.in

## ★ વિદ્યાનિકેતનની પરિકલ્પના ★

**ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું ધ્યેયસૂત્ર છે : 'પ્રત્યેક બાળક મહત્વનું છે.'**

'વિદ્યાનિકેતન'એ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વિશિષ્ટ કાર્યયોજના છે. અને યુનિવર્સિટીની વિચારધારાનું હાર્દ છે. ભારતીય જીવનમૂલ્યો અને ભારતીય સંસ્કૃતિના શિક્ષણના માધ્યમથી ગુણવત્તાના ધોરણે જતન કરવાનું કાર્ય 'વિદ્યાનિકેતન' કરે છે. યોગ, સંસ્કૃત, અંગ્રેજી, નભોદર્શન, વૈદિક ગણિત અને એવી સંસ્કારલક્ષી વિવિધ પ્રવૃત્તિઓને સાંકળવાને કારણે બાળકોનો સર્વાંગી વિકાસ અહીં શક્ય બન્યો છે. 'વિદ્યાનિકેતન'એ ભારતીય પરંપરાગત શિક્ષણપ્રણાલીને અનુસરે છે જે અનુભવજન્ય શિક્ષણને પ્રાધાન્ય આપે છે અને આ જ્ઞાન આજની આધુનિક પેઢીને આપવાનો ખૂબ જ પરિણામલક્ષી પ્રયત્ન કરે છે, જેના પ્રયત્નરૂપે બાળકનો પ્રેમપૂર્વક ઉછેર કરી, બાળકના ચારિત્ર્યનું નિર્માણ કરી એવું વાતાવરણ ઊભું કરવામાં મદદરૂપ બને છે, જે બાળકમાં આત્મવિશ્વાસ ઘડનારું તથા પ્રામાણિકતા જેવા ઉચ્ચતમ ગુણોનો વિકાસ તથા પ્રગટીકરણ કરી શકે. તે ઉપરાંત, માતૃભાષા અને માતૃભૂમિ પ્રત્યેની અનન્ય નિષ્ઠા બાળકમાં પ્રગટ થાય છે. સૃષ્ટિ માટેનો પ્રેમ તેના હૃદયમાં જાગૃત થાય છે. આવા ઉચ્ચ પ્રકારના ગુણોનો વિકાસ કરવાનું કાર્ય આ યુનિવર્સિટીના 'વિદ્યાનિકેતન' વિભાગ દ્વારા કરવામાં આવે છે.

**વિદ્યાનિકેતન શું છે ?**

વિદ્યાની જ્યાં પૂજા થતી હોય તેવું સ્થાન એટલે 'વિદ્યાનિકેતન'. યુનિવર્સિટીના એક્ટ મુજબ જોઈએ તો શિક્ષણના જુદાજુદા તબક્કે 'વિદ્યાનિકેતન' શાળાઓની સ્થાપના કરવાની બાબતનો ઉલ્લેખ છે. આ એક્ટમાં શાળાના માપદંડ પ્રમાણેની શાળાઓને સામેલ કરવામાં આવે છે અને આ શાળાઓની ઉન્નતિ થાય, વિકાસ થાય એ જ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું ધ્યેય છે. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે દરેક બાળકમાં અસીમ ક્ષમતાઓ રહેલી છે. બાળક આનંદસ્વરૂપ છે, તે પરમાત્માનો અંશ છે, માટે પ્રત્યેક બાળકના આનંદસ્વરૂપને પ્રગટ કરવાની યોજના એટલે 'વિદ્યાનિકેતન'. બાળકનો સમગ્રલક્ષી વિકાસ કરી તેનામાં રહેલી અનંત શક્તિઓને બહાર લાવવાનું કાર્ય 'વિદ્યાનિકેતન' દ્વારા કરવામાં આવે છે.

HOLISTIC DEVELOPMENT



## 'વિદ્યાનિકેતન'ના હેતુઓ

(૧) 'વિદ્યાનિકેતન' નામની કાર્યયોજના દ્વારા ભારતીય શિક્ષણદર્શન અને વ્યક્તિના પંચકોશાત્મક વિકાસની અવધારણા અમલમાં મૂકવી.

(૨) 'વિદ્યાનિકેતન'ના પ્રથમ સોપાન જેવા શિશુનિકેતન અને બાલનિકેતનની ક્રમશઃ રચના કરવી અને ૩ વર્ષના બાળકથી માંડી ૧૮ વર્ષના તરુણના સર્વાંગી વિકાસનો ક્રમ ગોઠવવો.

(૩) વિદ્યાર્થીની આદર્શ વિદ્યાપીઠ સમું 'વિદ્યાનિકેતન' રચવું અને વિદ્યાર્થીમાં વ્યક્તિત્વ-વિકાસ, મૂલ્યનિષ્ઠા અને કૌશલ્યોનું સમાયોજન કરવું. જીવનલક્ષી વિદ્યાઓ વિદ્યાર્થીમાં પરિષ્કૃત કરવા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું પોતાનું એક આદર્શ 'વિદ્યાનિકેતન' સર્જવું અને ગુજરાતભરમાં આવાં વિદ્યાનિકેતનો માટે ગુજરાતની શાળાઓને માન્યતા આપવી અને જોડાણો આપવાં.

(૪) 'વિદ્યાનિકેતન'ની વિકાસપ્રક્રિયામાંથી પસાર થયેલો તરુણ દેશભક્ત, અનુશાસિત અને સત્ચરિત્રવાન વ્યક્તિ તરીકે સમાજ અને રાષ્ટ્રને અર્પિત કરવાનું ઉદાત્ત લક્ષ્ય 'વિદ્યાનિકેતન' વિભાગ સેવે છે.





## ★ દર્શન ★

- વૈયક્તિક સ્વાતંત્ર્ય
- સાર્વત્રિક સમતાવાદ
- આધ્યાત્મિક વિકાસ
- સત્યની અનુભૂતિ
- ભૌતિક સંશોધનો
- આર્થિક સમૃદ્ધિ
- ઉદાત્ત ચારિત્ર્ય
- આત્મગૌરવ
- આત્મનિર્ભરતા

## ★ ધ્યેય ★

- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના શિક્ષણદર્શનનું વ્યવહારમાં રૂપાંતર કરવું.
- ભારતીય દર્શન તથા મનોવિજ્ઞાનની આધારશિલા પર શિક્ષણતંત્ર વિકસાવવું અને ક્રિયાન્વિત કરવું.
- ૩ થી ૧૮ વર્ષની ઉંમરનાં બાળકોના સર્વક્ષેત્રીય વિકાસમાં મદદ કરવી.
- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ કરેલાં સંશોધનોનાં પરિણામો પરથી ફલિત થયેલી સમજ અનુસાર પૂર્વપ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક કક્ષાએ શિક્ષણનું પ્રયોગીકરણ તથા પુનર્ગઠન કરવું.
- સામાજિક ચેતનાનું કેન્દ્ર બનાવવું.

HOLISTIC APPROACH